| Innovation ID | DTP0010000002530 | Sr No : 1 |
|---|---|---|
| Innovation Title | માછલાં પકડવા માટે | |
| Category | અન્ય | |
| Notebook Number | lok(૧)૫-૬ Dec-૧૯૯૬, Pg No. ૧૧ | |
| Brief | અણીયોર નામના વૃક્ષની છાલ | |
| Detail | ગામડાઓમાં ઘરઘળાઉ માછલાંની જરૂરિયાત માટે માછલાં પકડવા માછીમારો અવનવી તરકીબો અજમાવતા જોવા મળે છે. મોડાસા તાલુકાના રમોસ ગામના શ્રી પૂંજાભાઈ ઠાકોર સ્થાનિક ભાષામાં અણીયોર નામે ઓળખાતા વૃક્ષની છાલનો ઉપયોગ કરે છે. તેમના જણાવ્યા મુજબ તળાવ અથવા નદીના બંધિયાર પાણીમાંથી માછલાં પકડવા માટે અણીયોર નામના વૃક્ષની પાંચ થી છ કિગ્રા છાલનો ભૂકો કરી પાણીમાં નાખવાથી માછલાં બેભાન બની બે ચાર કલાકમાં ઉપર તરી આવે ત્યારબાદ વીણી લેવામાં આવે છે. આ પદ્ધતિ ઘણા વર્ષોથી પ્રચલિત છે. પદ્ધતિની આડઅસર વિશે કશુ જાણી શકાયું નથી.<br>(આવી જ બીજી એક પદ્ધતિ રમોસ ગામમાંથી જાણવા મળી છે. જેમાં થોરનું દૂધ નદીના પાણીમાં નાખવાથી માછલાં મરી જાય છે. ત્યારબાદ વીણી લેવામાં આવે છે. આવી પદ્ધતિઓમાં પાણીમાંના નાના-નાનાં માછલાં અને અન્ય પ્રજીવો પણ મૃત્યુ પામે છે. જેથી તેમની જાતિના અસ્તિત્વ સામે મોટો ખતરો પેદા થાય છે અને પાણી દુષિત થાય છે. અમે ઈચ્છિએ કે માછીમારો પોતાની કોઠાસૂઝ માછલાંના વિકાસને, સંવર્ધનને હાનિ ન થાય છતાં પકડવામાં સરળતા રહે તેવી પદ્ધતિ હોય તો લખી મોકલવા વાચકોને નિમંત્રણ છે.)<br>આ પદ્ધતિ પિતાજી પાસેથી જાણવા મળેલ છે.<br><br>વૃક્ષની ઓળખઃ-<br>ઝાડ જંગલમાં થાય છે. હોળી વખતે ફૂલ આવે છે સફેદ ગોળ ફળ બેસે છે.<br><br>(નોંધઃ- આ પદ્ધતિનું પી.આઈ.સી ૧૦ ફેબ્રુઆરી, ૨૦૦૫માં મહેશ પરમારે કરેલ છે.) (આ પદ્ધતિનો ઉપયોગ ૧૦ વર્ષ પહેલા કરતા હતા. અત્યારે પાણી રહેતા નથી માટે ઉપયોગ કરતા નથી.) | |
| Method of Use | | |
| Caution | | |
| Benefit | | |
| Condition | | |
| Material Used | | |
| IPR Status | | |
| Keywords | અણીયોર, વૃક્ષ, છાલ, માછલી, મત્સ્ય ઉછેર | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૮૫૬ | Member Type | Verifier | | |
| First Name | મહેશ | Middle Name | કે. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કુડોલ | Taluka | મોડાસા | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૧૯ | Member Type | Innovator | | |
| First Name | પૂંજાભાઈ | Middle Name | કાળાજી | Last Name | સોલંકી |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મું. સરતાનપુર, પો. રમોસ | Taluka | ધનસુરા | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | ઉત્તરદાતાની ઉંમર ૫૦ વર્ષની છે. તેઓ અભણ છે. તેમને ૨ દિકરા અને એક દિકરી છે. તેમની પાસે ૧૨ વીઘા જમીન છે. તેઓ મગફળી, બાજરી, કપાસ વગેરે પાકોનું વાવેતર કરે છે. પિયત જમીન છે. કૂવો છે. હાલ ઘરે ખેતી કરે છે. તેમની પાસે ૨ ભેંસ, ૨ ગાય, ૧ બળદ છે.<br><br>ગામનો પરિચય:-<br>આ ગામમાં ૧૮ ઘર ઠાકોર છે. ગામમાં પ્રાથમીક શાળા આવેલ છે. | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૨૦ | Member Type | Scout | | |
| First Name | ઈશ્વર | Middle Name | | Last Name | વાળંદ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |